Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

# VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.

Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક: કુસ / પ્રવેશ / સ્વનિર્ભર પ્રવેશ બેઠક– ફી / ૭૮૭૮ / ૨૦૧૫, તા. ૧૯–૬–૨૦૧૫

પ્રતિ,
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રી,
સ્નાતક / અનુસ્નાતક સ્વનિર્ભર પ્રોગ્રામનું સંચાલન કરતી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રી, અને
યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રી.....

વિષય : સ્નાતક / અનુસ્નાતક સ્વનિર્ભર પ્રોગ્રામની ફી (લવાજમ) અંગે...
સંદર્ભ : (૧) યુનિવર્સિટી કાર્યાલયના પત્ર ક્રમાંક : કુસ/પ્રવેશ/ સ્વનિર્ભર પ્રવેશ બેઠક– ફી/૬૫૫૦ / ૨૦૧૫, તા. ૨૮–૫–૨૦૧૫.
(૨) યુનિવર્સિટી કાર્યાલયના પત્ર ક્રમાંક : કુસ/પ્રવેશ/ સ્વનિર્ભર પ્રવેશ બેઠક– ફી/૬૫૯૫ / ૨૦૧૫, તા. ૩૦–૫–૨૦૧૫.
(૩) યુનિવર્સિટી કાર્યાલયના પત્ર ક્રમાંક : કુસ / સ્વનિર્ભર ફી / ૭૧૯૦ / ૨૦૧૫, તા. ૮–૬–૨૦૧૫

મહાશય / મહોદયા,

સવિનય જણાવવાનુંકે સ્વનિર્ભર સ્નાતક / અનુસ્નાતક પ્રોગ્રામની ફી (લવાજમ) સંદર્ભમાં સિન્ડીકેટ નિયુકત સમિતિની ભલામણ સિન્ડીકેટની તા. ૧૯–૫–૨૦૧૫ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩૨૭) અન્વયે મંજૂર કરેલ શિક્ષણ લવાજમ, લેબોરેટરી લવાજમ અને અન્ય લવાજમની જાણ આપશ્રીને સંદર્ભ પત્ર (૧) થી (૩) થી કરેલ હોય જે પરિપત્રોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમની ટયુશન ફી, લેબોરેટરી ફી અને પરિક્ષા ફી માં વિસંગતતા માલમ પડેલ હોય તેથી <u>સંદર્ભ પત્ર (૧) થી (૩) પરિપત્રો આથી રદ કરી</u> ફી સમિતિની ભલામણ કે જે સિન્ડીકેટની તા. ૧૯–૫–૨૦૧૫ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩૨૭) અન્વયે વિવિધ અભ્યાસક્રમની મંજૂર કરેલ ફી પૈકીના કેટલાક પ્રોગ્રામની ફીમાં ધ્યાને આવેલ વિસંગતતા દુર કરી માન. કુલપતિશ્રીએ સિન્ડીકેટ વતી આ સાથે પરિપત્રમાં દર્શાવેલ ફી મંજુર કરેલ છે. આપશ્રીને જણાવવાનુંકે સિન્ડીકેટના નીચેના ઠરાવમાં દર્શાવેલ શરતોનો અચૂક અમલ કરવાની શરતે <u>આ સાથે બીડેલ પત્રક મુજબની સ્વનિર્ભર અભ્યાસક્રમના સ્નાતક / અનુસ્નાતક પ્રોગ્રામના શિક્ષણ લવાજમ, લેબોરેટરી લવાજમ અને અન્ય લવાજમ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૫ – ૧૬થી માત્ર પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓથી ક્રમશ : સ્વીકારવા અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સ્નાતક / અનુસ્નાતક પ્રોગ્રામમાં મેનેજમેન્ટ કવોટાની (૧૫) ટકા પ્રવેશની બેઠકો પર પ્રવેશ કાર્યવાહી નામદાર કોર્ટ / રાજ્ય સરકારશ્રી / યુનિવર્સિટીના નિયમાનુસારની કાર્યરીતી મુજબ પ્રવેશો ફાળવવા આથી જણાવવામાં આવે છે.</u>

### <u>સિન્ડીકેટની તા. ૧૯–૫–૨૦૧૫ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩૨૭)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમોનું ફીનું માળખું સર્વગ્રાહી રીતે નિયત કરવા તેમજ એક્રેડીટેશન/ કોલેજના જોડાણનું વર્ગીકરણ સહિતની કાર્યવાહી સંદર્ભમાં સિન્ડિકેટની તા.૨૬–૭–૨૦૧૩ના ઠરાવ ક્રમાંક (૧૯) અને તા.૧૨–૧–૨૦૧૫ના ઠરાવ ક્રમાંક (૨) અન્વયે નિયુકત સમિતિની તા.૨૪–૩–૨૦૧૫ના રોજ મળેલ સભાએ સ્વનિર્ભર કોલેજોનાં મેનેજમેન્ટના પ્રતિનિધિઓને સાંભળી સ્વનિર્ભર સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની ફી અને વિગતે અહેવાલ સાથે ભલામણ કરેલ છે જે ફી ભલામણ– અહેવાલ સ્વીકારી શૈક્ષણિક વર્ષ : ૨૦૧૫ – ૧૬થી હાલ કેટેગરી (સી) મુજબની ફી સ્વીકારી માત્ર પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓથી ક્રમશઃ લાગુ પાડવી તથા કુલ સીટોના ૧૫ ટકા મેનેજમેન્ટ કવોટા રાખવા મંજૂરી આપવી. સદર મેનેજમેન્ટ કવોટામાં નામદાર કોર્ટ/ રાજયસરકારશ્રી/ યુનિવર્સિટીના નિયમાનુસાર પ્રવેશો આપવાના રહેશે.

વધુમાં સદર ફી સુધારા અંગે સંલગ્ન કોલેજોએ યુનિવર્સિટીના તમામ નિતિ નિયમોનો અક્ષરસઃ પરિપાલન કરવાનું રહેશે. યુનિવર્સિટીની સ્થાનિક તપાસ સમિતિ દ્વારા દર્શાવવામાં આવેલ શરતો/ ત્રુટિઓની ૬ (છ) માસમા પુર્તતા કરવાની રહેશે તેમજ જરૂરીયાત મુજબનું શૈક્ષણિક અને વહીવટી મહેકમ ઊભું કરી સત્વરે ખૂટતી નિમણૂંકો કરવાની રહેશે. યુનિવર્સિટીના નિયમાનુસારની તમામ સવલતો પૂરી પાડવાની રહેશે. કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબના લાભ આપવાના રહેશે. કોલેજમાં ફરજીયાત સી. સી. ટી. વી. કેમેરા લગાવવાના રહેશે તથા ફરજીયાત નેકનું એક્રેડીટેશન મેળવવાનું રહેશે. ::

- ૨

સ્નાતક / અનુસ્નાતક સ્વનિર્ભર પ્રોગ્રામની અન્ય ફી ગ્રાંટ ઈન એઈડ પ્રોગ્રામના સ્નાતક / અનુસ્નાતક પ્રોગ્રામમાં નીચે મુજબ અન્ય ફી લેવામાં આવતી હોય તે મુજબ ફી (લવાજમ) લેવાની રહેશે.

| Sr. No. | Head of Fee | UG Programme<br>Grant in Aid Programme / SFI Programme | PG Programme<br>Uni PG Centre/ SFI Programme |
|---|---|---|---|
| 1 | Admission Fee ( One time) | Rs. 100/- | Rs. 100/- |
| 2 | Identity Card Fee ( One Time) | Rs. 50/- | Rs. 50/- |
| 3 | Student Teacher's Welfare Activity Fee | Rs. 250/- | Rs. 250/- |
| 4 | Book & Equipment Fee | Rs. 300/- | Rs. 300/- |
| 5 | Student/ Union Fee | Rs. 100/- | Rs. 100/- |
| 6 | Amenities Fee | Rs. 250/- | Rs. 250/- |
| 7 | Campus Dev. Fee | Rs. 100/- | Rs. 100/- |
| 8 | Internal Exam Fee | Rs. 100/- | Rs. 100/- |
| 9 | Enrollment / Registration Fee ( One Time) | Rs. 100/- | Rs. 100/- |
| 10 | Enrollment Form Fee | Rs. 20/- | -- |
| 11 | College Deposit | Rs. 100/- | Rs. 100/- |
| 12 | Library Deposit ( One time) | Rs. 200/- | Rs. 200/- |
| 13 | Uni. Dev. Fee | Rs. 50/- | Rs. 50/- |
| 14 | Uni. Sports & Cultural Activity Fee | Rs. 20/- | Rs. 20/- |
| 15 | University Sports Complex Dev. Fee | Rs. 20/- | Rs. 20/- |

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સ્નાતક / અનુસ્નાતક સ્વનિર્ભર પ્રોગ્રામની અન્ય ફી પૈકી નીચે મુજબની ફી યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવાની હોય સ્નાતક પ્રોગ્રામની ફી યુનિવર્સિટી કાર્યાલયના એકેડેમિક વિભાગમાં નોંધ કરાવી અને અનુસ્નાતક પ્રોગ્રામની ફી યુનિવર્સિટી કાર્યાલયના અનુસ્નાતક વિભાગમાં નોંધ કરાવી હિસાબી વિભાગમાં ફોર્મ ફી સ્વીકાર્યાના છેવટના દિવસથી દિન (૫) માં અચૂક જ જમા કરાવવાની રહેશે.

| Sr. No. | Head of Fee | UG Programme<br>Grant in Aid Programme / SFI Programme | PG Programme<br>Uni PG Centre/ SFI Programme |
|---|---|---|---|
| 1 | Enrollment Fee / Registration Fee ( One Time) | Rs.100/- | Rs.100/- |
| 2 | Enrollment Form Fee | Rs.20/- | -- |
| 3 | Uni. Dev. Fee | Rs.50/- | Rs.50/- |
| 4 | Uni. Sports & Cultural Activity Fee | Rs.20/- | Rs.20/- |
| 5 | University Sports Complex Dev. Fee | Rs.20/- | Rs.20/- |

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સ્નાતક / અનુસ્નાતક સ્વનિર્ભર પ્રોગ્રામમાં સિન્ડીકેટના ઠરાવ્યાનુસાર મેનેજમેન્ટ ક્વોટા મુજબની (૧૫) ટકા બેઠકો પર જે તે કોલેજના સ્નાતક / અનુસ્નાતક પ્રોગ્રામમાં પ્રવેશની કુલ સીટોની ગણત્રી કોલેજના સ્નાતક / અનુસ્નાતક પ્રોગ્રામની પ્રવેશની કુલ બેઠકોના (૧૫) ટકા મુજબ કરી મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ભરવાની આથી જાણ કરવામાં આવે છે.

<u>સ્નાતક / અનુસ્નાતક પ્રોગ્રામની પરીક્ષા ફી</u> સિન્ડીકેટની તા. ૨–૪–૨૦૧૩ના ઠરાવ ક્રમાંક (૪૯) અન્વયે નિયત કરેલ અને યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્ર ક્રમાંક : પરીક્ષા / ૨૯૫૯ / ૨૦૧૩, તા. ૯–૫–૨૦૧૩થી આપશ્રીને પરિપત્રીત કરેલ પરિપત્રમાં દર્શાવ્યા મુજબની પરીક્ષા ફી સ્નાતક / અનુસ્નાતક પ્રોગ્રામની સ્વીકારવાની આથી જાણ કરવામાં આવે છે.

આભાર સહ,

લિ. ભવદિય

કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

નકલ સવિનય રવાના :

પરિક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ / નાયબ કુલસચિવશ્રી, એકેડેમિક વિભાગ અને અનુસ્નાતક વિભાગ / ઈ. ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ / ઈ. ચા. નાયબ કુલસચિવશ્રી, સેનેટ સિન્ડીકેટ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ.............

| Self Finance fee of Under Graduate / Post Graduate Degree -Diploma Course of Veer Narmad South Gujarat Univesity, Surat | | | | | |
|---|---|---|---|---|---|
| Sr. No. | Course | Intake as per O. 66 | Nature of Course | Fees (Per Sem.) | |
| | | | | Tuition Fee Rs. | Labo. Fee Rs. |
| 1 | B. Com LLB | Apex Body Approval | Degree | 25000 | - |
| 2 | B. A. / B. Com | 100 | Degree | 4675 | 500 |
| 3 | BBA | 60 | Degree | 9900 | 500 |
| 4 | BCA | 60 | Degree | 11000 | 1000 |
| 5 | BSW | 60 | Degree | 9900 | - |
| 6 | B. Sc. | 60 | Degree | 11000 | 1500 |
| 7 | M L W / M. A. (HRM & I:R) | Uni App. | PG Degree | 20000 | - |
| 8 | M H R D | Uni App. | PG Degree | 20000 | - |
| 9 | M. P A (Part time) | Uni. App. | PG Degree | 7500 | - |
| 10 | M S W | Uni App. | PG Degree | 20000 | - |
| 11 | M Ed | Apex Body Approval | PG Degree | 40000 | - |
| 12 | M. Sc. Microbiology | 30 to 40 | PG Degree | 30000 | 2500 |
| 13 | B. Sc. Biotechnology | 60 | PG Degree | 22500 | 2500 |
| 14 | M. Sc. Biotechnology | Uni App. | PG Degree | 30000 | 2500 |
| 15 | Adv. PG Diploma in Med. Plants | Uni App. | PG Diploma | 5000 | 2500 |
| 16 | PG Diploma in Tools & Techniques in Genetic Engg | Uni. App. | PG Diploma | 25000 | - |
| 17 | M. Sc. Org. Chemistry (Regular / Everting) | 30 to 40 | PG Degree | 20000 | 2500 |
| 18 | M. Sc. Ind. Chemistry | 20 | PG Degree | 20000 | 2500 |
| 19 | M. Sc. Pharmaceutical Chemistry | 20 | PG Degree | 20000 | 2500 |
| 20 | M. Sc. Environmental Chemistry | 20 | PG Degree | 20000 | 2500 |
| 21 | M. Sc. Mathematics (Higher Fees) | 50 | PG Degree | 12500 | - |
| 22 | M. Sc. Applied Statistics (Higher Fees) | Uni. App. | PG Degree | 11000 | 1000 |
| 23 | PG Diploma in Computer Application DCA (P Time) | Uni App. | PG Diploma | 6500 | 1000 |
| 24 | M. Sc. (Tech) in Instrumentation | Uni App. | PG Degree | 12500 | 2500 |
| 25 | PG Diploma in instrumentation | Uni App. | PG Degree | 12500 | 2500 |
| 26 | M. Com. 5 Yrs Intigrated Course | Uni. App. | Degree | 15000 | - |
| 27 | M. Com. 5 Yrs Intigrated Course | Uni. App. | PG Degree | 15000 | - |
| 28 | M. C. A. | Uni App. | PG Degree | 22500 | 2500 |
| 29 | M. A. Mass Communication | Uni App. | PG Degree | 18000 | - |
| 30 | B. Lib | Uni App. | PG Degree | 2500 | 750 |
| 31 | M. Sc. ICT | Uni App. | PG Degree | 20000 | 2500 |
| 32 | M. Sc. Environmental Science | 20 | PG Degree | 30000 | 2500 |
| 33 | M Lib REGULAR | Uni. App | PG Degree | 10000 | - |
| 34 | M. Lib PART TIME | Uni. App | PG Degree | 4500 | 1500 |
| 35 | B. Sc. IT | Uni. App | Degree | 15000 | 2500 |
| 36 | M. Sc. IT | Uni. App | PG Degree | 20000 | 2500 |

Registrar
Veer Narmad South Gujarat University, Surat

| Sr. No. | Course | Intake as per O. 66 | Nature of Course | Fees (Per Sem.) | |
|---|---|---|---|---|---|
| | | | | Tuition Fee Rs. | Labo. Fee Rs. |
| 37 | M. Sc. Medical Technology | 30 to 40 | PG Degree | 30000 | 2500 |
| 38 | M. Sc. Medical Laboratory Technology | Uni. App | PG Degree | 30000 | 2500 |
| 39 | M. Arch City Design | Apex Body Approval | PG Degree | 27500 | 2500 |
| 40 | M. Sc. Computer Application | Uni. App | PG Degree | 30000 | 2500 |
| 41 | Bachelor of Interior Design. | 60 | UG Degree | 40000 | - |
| 42 | Bachelor of Fine Arts | 60 | UG Degree | 17500 | - |
| 43 | PG Diploma in Medical Laboratory Tech. DMLT | Uni. App | PG Diploma | 17500 | 3500 |
| 44 | PG Diploma in Tax Mgt. | 30 | PG Diploma | 7000 | - |
| 45 | PG Diploma in Blood Bank Technology | Uni. App | PG Diploma | 14000 | - |
| 46 | PG Diploma in Co-operative Management | Uni. App | PG Diploma | 7000 | - |
| 47 | PG Diploma in Insurance Business | Uni. App | PG Diploma | 7000 | - |
| 48 | PG Diploma in Computer Based Accounting | Uni. App | PG Diploma | 7000 | - |
| 49 | PG Diploma in Financial Services | Uni. App. | PG Diploma | 7000 | - |
| 50 | PG Diploma in International Business | Uni. App | PG Diploma | 7000 | - |
| 51 | M. D. Homeopathy | Regulatory App. | PG Degree | 30000 | 2500 |
| 52 | M. Optometry | Uni. App | PG Degree | 30000 | 2500 |
| 53 | M. Com. | 60 | PG Degree | 8000 | - |
| 54 | LLM Human Rights Groups Higher Payment | Uni. App | PG Degree | 8000 | - |
| 55 | M. Sc. Org. Chem. (Higher Payment) Uni Centre | Uni. App | PG Degree | 12500 | - |
| 56 | M. B. A. ( Evening) | Uni. App | PG Degree | 20000 (Per year.) | - |

Note : Other fees will be taken as per university norms.

Registrar
Veer Narmad South Gujarat University, Surat

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક અભ્યાસક્રમોની ટયુશન ફી સંદર્ભમાં યુનિવર્સિટી **સિન્ડિકેટની તા. ૧૧/૦૨/૨૦૧૫ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧) થી એમ.એ. અને એમ.કોમ.** અભ્યાસક્રમો માટે જ સત્ર દીઠ ટયૂશન ફી રૂા.૧,૪૦૦/– શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે અમલ કરવા ઠરાવેલ છે, જે અવલોકનમાં લેતાં અનુસ્નાતક વિનયન, વાણિજ્ય, ગ્રામ અભ્યાસ, શિક્ષણ અને કાનૂન વિદ્યાશાખા હેઠળની ગ્રાન્ટ–ઈન–એઈડ અનુસ્નાતક કેન્દ્રો /અનુસ્નાતક વિભાગોમાં અભ્યાસની સત્ર દીઠ ટયુશન ફી રૂા. ૧,૪૦૦/– લેવા સિન્ડિકેટની તા. ૧૨–૧–૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯ અન્વયે મંજૂર કરેલ હોય જેની જાણ આપશ્રીને યુનિવર્સિટી કાર્યાલય દ્વારા તા. ૦૨/૦૨/૨૦૧૫ના પરિપત્ર ક્રમાંકઃ પી.જી./સત્ર ફી /૧૫૬૦/૨૦૧૫થી કરેલ હતી. જે પરિપત્ર આથી રદ કરવાની અને નીચેના અભ્યાસક્રમોની સામે દર્શાવેલ ફીનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ની પ્રવેશ પ્રક્રિયાથી અમલ કરવાની આથી જાણ કરવામાં આવે છે.

| સિન્ડિકેટની તા.૧૧/૦૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧ અન્વયે નિયત કરેલ અભ્યાસક્રમોના નામ | શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી સત્ર દીઠ લેવાની રહેતી ટયુશન ફી |
|---|---|
| M.A., M.COM. | રૂા. ૧,૪૦૦/– |

ક્રમાંકઃ પી.જી./ સત્ર ફી/ ૨૯૪૦ /૨૦૧૫

તા. ૦૯/૦૩/૨૦૧૫

કુલસચિવ

પ્રતિ,

(૧) તમામ સંલગ્ન ગ્રાન્ટ–ઈન–એઈડ અનુસ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ

(૨) અનુસ્નાતક વિભાગીય વડાશ્રીઓ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી , સુરત.

(૩) ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી , સુરત.

.........જરૂરી ઘટિત કાર્યવાહી સારું.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

**સંદર્ભઃ– તા.૯/૩/૨૦૧૫ના રોજના પરિપત્ર ક્રમાંકઃ પી.જી./સત્ર ફી/૨૯૪૦/૨૦૧૫**

એમ.એ. અને એમ.કોમ. અભ્યાસક્રમોમાં સત્ર દીઠ ટયૂશન ફી રૂા.૧,૪૦૦/– સિન્ડિકેટની તા.૧૧/૦૨/૨૦૧૫ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧ થી મંજૂર કરેલ હોય, જે ટયૂશન ફી આર્ટસ ફેકલ્ટી હેઠળ ચાલતા એમ.એ. રેગ્યુલર અભ્યાસક્રમમાં લેં સંદર્ભ પત્રથી જાણ કરેલ હોય જે મુજબની સત્ર દીઠ ટયૂશન ફી રૂા. ૧,૪૦૦/– વિનયન વિદ્યાશાખામાં ચાલતા એમ.એ. રેગ્યુલર ઉપરાંત નીચેના અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) પી.જી.ડીપ્લોમા ઈન રીસર્ચ મેથેડોલોજી

(૨) માસ્ટર ઓફ પબ્લીક એડમિનીસ્ટ્રેશન

(૩) પી.જી.ડીપ્લોમા ઈન જર્નાલીઝમ

ક્રમાંકઃ પીજી/પ્રવેશ / ટયૂશન ફી/ ૬૮૩૮ /૨૦૧૫
તા : ૩ /૦૬/૨૦૧૫

કુલસચિવ

પ્રતિ,
– સંબંધિત અભ્યાસક્રમનું સંચાલન કરતા યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ

નકલ રવાના પ્રતિ,
–ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

.... જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ००७
*(Accredited with B++ Grade by NAAC)*
**Tele.GRAM** : VNSGU **Phone** : 2227141 **to** 2227146 **Fax No** : (0261) 2227312
Email : pgsection.vnsgu@yahoo.in website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, એકેડેમિક કાઉન્સિલ તા.૨૭–૦૫–૨૦૧૦ ની સભાની ભલામણ ક્રમાંક : ૨ પરત્વે સિન્ડિકેટે તા.૧૨–૦૭–૨૦૧૦ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૩૯ અન્વયે **વિનયન વિદ્યાશાખાના** તમામ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ૫૦ + ૧૦ = ૬૦ (૫૦ બેઠકો રેગ્યુલર તથા ૧૦ બેઠકો હાયર પેમેન્ટ) મુજબ પ્રવેશ જૂન ૨૦૧૦ થી આપવા તથા પી.જી. સેન્ટરોમાં ચાલતા હોય તેવા વિનયન વિદ્યાશાખા હેઠળના એમ.એ.–અર્થશાસ્ત્ર તથા એમ.એ.–અંગ્રેજી અનુસ્નાતક અભ્યાસક્રમો જે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોમાં પણ ચાલે છે તેમાં વિદ્યાર્થી પ્રવેશની સંખ્યા (૫૦ બેઠકો રેગ્યુલર + ૧૦ બેઠકો હાયર પેમેન્ટ = ૬૦) તથા હાયર પેમેન્ટની ફી રૂા.૪,૦૦૦/– (સેમેસ્ટર દીઠ) મંજૂર કરેલ છે.

ક્રમાંક : પીજી / પરિપત્ર / ૯૦૦૬ / ૨૦૧૦
તા : ૨૧–૦૮–૨૦૧૦

કુલસચિવ

**નકલ સવિનય રવાના :**
(૧) યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ
(૨) અનુસ્નાતક કેન્દ્રોનું સંચાલન કરતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ
(૩) મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

*........ જાણ તેમજ ઘટતી કાર્યવાહી માટે...*

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પીજી/પ્રવેશ/૮૭૦૪/૨૦૧૬
તા.:૧૦/૦૬/૨૦૧૬

પ્રતિ,
પ્રોફેસર એન્ડ હેડ
ભૌતિકશાસ્ત્ર વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

**વિષય:** એમ.એસસી.–ભૌતિકશાસ્ત્રના અભ્યાસક્રમમાં હાયર પેમેન્ટ ફી હેઠળ સીટો વધારવા તથા ફીનું ધોરણ બદલવા અંગે.
**સંદર્ભ:** (૧) આપશ્રીના તા.૧૩/૦૧/૨૦૧૬ના રોજના પત્રાંકઃભૌતિક/૧૨૩
(૨) તા.૧૩/૦૫/૨૦૧૬ના રોજની સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૮ અન્વયે

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષય તથા સંદર્ભો પરત્વે જણાવવાનું કે, આપના વિભાગમાં ચાલતા એમ.એસસી.–ભૌતિકશાસ્ત્ર અભ્યાસક્રમની હાયર ફીની બેઠકો વધારવા તથા ફીનું ધોરણ બદલવા તેમજ જરૂરિયાત મુજબ ગેસ્ટ વિઝીટીગ ફેકલ્ટી તથા લેબોરેટરી આસિસ્ટન્ટ અને પટાવાળાની નિમણૂંક ૧૧ માસના કોન્ટ્રાકટ આધારિત કરવા અંગેની દરખાસ્ત અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૦૬/૦૫/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ(૨) થી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય જે ભલામણ માન.કુલપતિશ્રીએ એકેડેમિક કાઉન્સિલ વતી મંજૂર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય જેને સિન્ડિકેટની તા. ૧૩/૦૫/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૨૮ થી નીચે પ્રમાણે યથાવત સ્વીકાર કરેલ છે. જે મુજબ યોગ્ય કાર્યવાહી કરવાની આથી જાણ કરવામાં આવે છે.

**<u>અનુસ્નાતક શિક્ષણ મંડળ તા.૬–૫–૨૦૧૬ ઠરાવ ક્રમાંક (૨)</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રીની સ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લેતાં એમ.એસસી.ભૌતિકશાસ્ત્રમાં હાલની હાયર ફીની પ્રવેશ બેઠકો ૧૧ હોય જે બેઠકોમાં વધુ ૧૪ બેઠકો વધારીને કુલ ૨૫ બેઠકો પ્રવેશની હાલની હાયર ફી રૂા.૧૦,૦૦૦/– થી વધારી રૂા.૧૫,૦૦૦/– પ્રતિ સેમેસ્ટર સાથે જરૂરિયાત મુજબ ગેસ્ટ વિઝીટીગ ફેકલ્ટી તથા લેબોરેટરી આસી. અને પટાવાળાની નિમણૂંક ૧૧ માસના કોન્ટ્રાકટ આધારિત કરવાની દરખાસ્ત મંજુર કરી પ્રવેશની બેઠકો, ફી વધારા સાથે જરૂરિયાત મુજબ કોન્ટ્રાકટ આધારિત નિમણુંક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે. : :

**<u>સિન્ડિકેટ તા.૧૩–૫–૨૦૧૬ની બાબત ક્રમાંકઃ ૩૮</u>**

: : આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક શિક્ષણ મંડળ તા. ૬–૫–૨૦૧૬ ઠરાવ ક્રમાંક (૨) થી કરેલ ભલામણને યથાવત મંજૂર કરવી.: :

આભાર સહ,

ભવદીય,
[signature]
કુલસચિવ

બિડાણઃ ઉપર મુજબ ઠરાવની નકલ

નકલ રવાના પ્રતિ,
કાર્યાલય અધિક્ષક, વહીવટી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંકઃ પીજી/પ્રવેશ/૬૨૮૧/૨૦૧૭
તા.:૧૧/૦૪/૨૦૧૭

પ્રતિ,
**ડૉ. વિપુલભાઈ જે. સોમાણી**
પ્રોફેસર એન્ડ હેડ,
મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

**વિષય : એમ.આર.એસ. અભ્યાસની સત્ર દિઠ હાયર ફી નિર્ધારણ કરવા બાબબત.**

સંદર્ભ :(૧) આપના તા.૨૫/૦૧/૨૦૧૭ના પત્રાંકઃ MRS/200/2016-17
(૨) સિન્ડિકેટના તા.૦૧/૦૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ ૧૬

મહાશય,

સવિનય ઉપરોકત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, આપના ઉપરોકત સંદર્ભ પત્રાંકઃ(૧) થી શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮થી એમ.આર.એસ. અભ્યાસક્રમની હાયર ફી સત્ર દીઠ રૂા.૬,૦૦૦/– લેવામાં આવતી હોય જે માન્ય રાખવાની દરખાસ્ત સંદર્ભે સિન્ડિકેટની તા.૦૧/૦૪/૨૦૧૭ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ(૧૬)થી માન્ય રાખેલ છે. જે અનુસાર જરૂરી ઘટતુ કરવા આથી જણાવવામાં આવે છે.

: : આથી ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર એન્ડ હેડ, ગ્રામ અભ્યાસ વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૭ના પત્રાંકઃMRS/200/2016-17 થી જણાવ્યાનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૦૭–૦૮થી એમ.આર.એસ. અભ્યાસક્રમની હાયર ફી સત્ર દીઠ રૂા.૬,૦૦૦/– લેવામાં આવતી હોય જે માન્ય રાખવી. : :

આભાર સહ,

ભવદીય,

ઈ.ચા.કુલસચિવ

નકલ સવિનય રવના પ્રતિ,
(૧) શ્રી ઠાકોરભાઈ એન. ચૌધરી, ડીનશ્રી, ફેકલ્ટી ઓફ રૂરલ સ્ટડીઝ, વનસેવા મહાવિદ્યાલય, મુ.પો.–બિલપુડી, તા. ધરમપુર, જિ.–વલસાડ.
(૨) ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત.
....જાણ સારું.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પીજી/પ્રવેશ/૧૬૫૦૩/૨૦૧૬
તા.: ૧૯/૦૯/૨૦૧૬

પ્રતિ,
ડો. કિરણભાઈ એમ. પંડયા
પ્રોફેસર એન્ડ હેડ,
એચ.આર.ડી. વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

**વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે એમ.એચ.આર.ડી. પ્રોગ્રામની પ્રવેશની વધારાની મંજૂર બેઠકોની હાયર ફી બાબત.**

સંદર્ભ : (૧) યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૪/૦૭/૨૦૧૬ના પત્ર ક્રમાંક:પીજી/એચ.આર.ડી. ફી/૧૨૩૮૧/૨૦૧૬
(૨) આપના તા.૧૨/૦૭/૨૦૧૬ના પત્રાંક: HRD/265/2016
(૩) યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૧/૦૭/૨૦૧૬ના પત્ર ક્રમાંક:પીજી/પ્રવેશ/૧૧૬૮૦/૨૦૧૬
(૪) આપના તા.૦૨/૦૭/૨૦૧૬ના પત્રાંક:HRD/247/2016

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્રો અન્વયે જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ માટે એમ.એચ.આર.ડી. પ્રોગ્રામની પ્રવેશની વધારાની (૧૦) મંજૂર બેઠકોની હાયર ફી સિન્ડિકેટની તા.૦૨/૦૯/૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંક:૬ થી નીચે મુજબના ઠરાવ્યાનુસાર મંજૂર કરેલ છે. જેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન મંજૂર કરેલ પ્રવેશ બેઠકો માટે કરવા આથી જણાવવામાં આવે છે.

: : આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એચ.આર.ડી. વિભાગના વડાશ્રીના તા.૦૨/૦૭/૨૦૧૬ના પત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન વિભાગમાં ચાલતા એમ.એચ.આર.ડી. સ્વનિર્ભર અભ્યાસક્રમમાં કુલ પ્રવેશની ૬૦ બેઠકો ઉપરાંત ૧૦ વધારાની બેઠકો પર પ્રવેશ આપવા અને હાયર પેમેન્ટ ફી રૂા.૩૦,૦૦૦/– સેમેસ્ટર દીઠ મંજૂર કરવા અંગેની દરખાસ્ત સંદર્ભે માન.કુલપતિશ્રીએ પ્રવેશની નિયત બેઠકો ઉપરાંત વધારાની (૧૦) પ્રવેશની બેઠકોની મંજૂરી હાયર પેમેન્ટની બેઠકો સાથે સિન્ડિકેટ જે ફી નિયત કરે તે શરતોને આધિન હાલમાં એડહોક ધોરણે સેમેસ્ટર દીઠ રૂા.૨૦,૦૦૦/– ફી સ્વીકારવાની મંજૂરી આપેલ હોય જે સંદર્ભમાં મંજૂર કરેલ વધારાની પ્રવેશની બેઠકો વિભાગના વડાશ્રીની ઉપરોક્ત રજૂઆત ધ્યાને લેતા રૂા.૩૦,૦૦૦/– પ્રતિ સેમેસ્ટર શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬–૧૭થી કરવી. : :

આભાર સહ,

ભવદીય,

ઈ.ચા. કુલસચિવ

નકલ રવાના પ્રતિ,
ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત.
.... જાણ સારું.

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પીજી/પ્રવેશ/ ૫૬૫ /૨૦૧૬
તા.: ૧૬/૦૧/૨૦૧૬

પ્રતિ,
આચાર્યશ્રી,
(૧) **સાર્વજનિક કોલેજ ઓફ લો**, જવાહરલાલ નહેરૂ માર્ગ, લાલ બંગલો, અઠવાલાઈન્સ, સુરત.
(૨) **નારણલાલા કોલેજ ઓફ લો**, ભગવતી સંકુલ, એરુ ચાર રસ્તા પાસે, નવસારી.
(૩) **સી.જે. પટેલ કોલેજ ઓફ લો**, વરીયાવ જકાતનાકા, જહાંગીરપુરા,વરીયાવ.

**વિષય :** એલએલ.બી. સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમની ફી નિર્ધારિત કરવા બાબત.
**સંદર્ભ :** કાનૂન વિદ્યાશાખાના ડીનશ્રીના તા. ૨૨/૦૬/૨૦૧૫ના રોજના પત્રાંકઃ કાનૂન/ઠરાવ/૨૭૭૮/૨૦૧૫.

શ્રીમાન / મહોદયા,

સવિનય ઉપરોકત વિષય તથા સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, આપશ્રીની કોલેજમાં ચાલતા સ્વનિર્ભર લો કોલેજોમાં ત્રણ વર્ષ ડીગ્રી કોર્ષ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬થી શરૂ થયેલ અભ્યાસક્રમની ફી સત્ર દીઠ રૂા.૨૫,૦૦૦/– નિયત કરેલ હોય જે ફી સિન્ડિકેટની તા.૨૯–૬–૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ ૫૨ અન્વયે કાનૂન વિદ્યાશાખા હેઠળની સ્વનિર્ભર લો કોલેજોની સત્ર દીઠ ટ્યૂશન ફી રૂા.૨૦,૦૦૦/– નિયત કરવા ઠરાવેલ છે, જેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ના પ્રથમ વર્ષના પ્રથમ સેમેસ્ટરના પ્રવેશથી કરવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે, સદરહૂ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સેમેસ્ટર દીઠ યુનિવર્સિટીમાં જમા કરાવવાની ફી યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંકઃ પીજી/અનુસ્નાતક પ્રવેશ ભાગ ૧–૨ (લવાજમ)/૧૭૫૭૬/૨૦૧૫, તા.૭/૧૨/૨૦૧૫ મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં અચૂક જમા કરાવવાની કાર્યવાહી કરવાની રહેશે.

આભાર સહ,

ભવદીય,

કુલસચિવ

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007. Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પીજી/પ્રવેશ/૮૪૮૦/૨૦૧૬
તા.: ૧૦/૦૬/૨૦૧૬

પ્રતિ,
ઈન્ચાર્જ આચાર્યા
શેઠ પી.ટી. મહિલા કૉલેજ ઓફ આર્ટસ એન્ડ હોમ સાયન્સ,
વનિતા વિશ્રામ, અઠવાગેટ,
સુરત.– ૩૯૫ ૦૦૧.

વિષય: પી.જી.ડિપ્લોમા હોમસાયન્સના સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોની ટયૂશન ફી અને લેબોરેટરી ફી નિયત કરવા બાબત
સંદર્ભ: આપના તા.૨૭/૦/૨૦૧૬ના પત્રાંક: 2015-16/SF/VNSGU/155

**મહોદયા,**

સવિનય ઉપરોકત વિષય તથા સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, આપની સંસ્થાખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭થી શરૂ કરવા પી.જી.ડિપ્લોમા હોમસાયન્સના સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમોની ટયૂશન ફી અને લેબોરેટરી ફી નિયત કરવા અંગેની અંગેની આપની વિનંતી સિન્ડિકેટની તા.૧૩/૦૫બ૨૦૧૬ની સભાએ તેના ઠરાવ ક્રમાંક–૩૬થી નીચે મુજબ ઠરાવેલ હોય શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૧૭ના નીચેના અભ્યાસક્રમોની ફી તે સામે દર્શાવ્યા મુજબ નિયત કરેલ છે. જે વિદીત થાય.

: : આથી ઠરાવવામાં આવે છે કે, પી.જી.ડીપ્લોમાં (સેલ્ફ ફાયનાન્સ) અભ્યાસક્રમોની ટયુશન ફી તથા લેબ ફી નીચે મુજબ શૈક્ષણિક ૨૦૧૬–૧૭ માટે (૧ (એક) વર્ષ માટે) મંજૂર કરવી તથા લાંબા ગાળાની ફી નિર્ધારણ માટે સંસ્થાએ યુનિવર્સિટીને જસ્ટીફીકેશન તથા યુનિંવર્સિટી તદઅનુસાર ફી નિર્ધારણ કરશે.

| ક્રમ | અભ્યાસક્રમ | ટયુશન ફી (સેમેસ્ટર દીઠ) | લેબ.ફી (સેમેસ્ટર દીઠ) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| 1 | P.G. Diploma in Dietetics | 15,000/- | 2,500/- |
| 2 | P.G. Diploma in F.S.E.M. | 15,000/- | 2,500/- |
| 3 | P.G.Diploma in E.C.E. | 15,000/- | - |

વધુમાં જણાવવાનું કે, અનુસ્નાતક સ્વનિર્ભર ડિપ્લોમા અભ્યાસક્રમોની ટયૂશન ફી, લેબ ફી ઉપરાંત યુનિવર્સિટી ના તા.૧૯/૦૬/૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક:કુસ/પ્રવેશ/સ્વનિર્ભર પ્રવેશ બેઠક–ફી/૭૮૭૮/૨૦૧૫ તથા તા.૨/૦૧/૨૦૧૬ના પરિપત્ર પીજી/પરિપત્ર/૧૧૪૮/૨૦૧૬માં દર્શાવ્યા મુજબની અન્ય ફી કુલ રૂા.૧,૮૪૦/– લેવામાં આવતી હોય જે મુજબની ફી એકત્રીત કરી યુનિવર્સિટીમાં જમા કરાવવાની ફી રૂા. ૯૦/– તાકીદે જમા કરાવવાની આથી જણાવવામાં આવે છે.

આભાર સહ,

ભવદીય,

કુલસચિવ

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

ક્રમાંક : પીજી/ફી/૧૧૦૩૩/૨૦૧૪
તા. : ૧૦/૦૯/૨૦૧૪

પ્રતિ,
ડૉ.જગદીશભાઇ ગુર્જર
પ્રોફેસર એન્ડ હેડ,
ગુજરાતી વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.
સુરત-૭.

**<u>વિષય</u> :** સર્ટિફિકેટ અભ્યાસક્રમો અંગે...
**<u>સંદર્ભ</u> :** તા: ૨૫-૦૮-૨૦૧૪.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનુંકે પ્રસ્તુત અભ્યાસક્રમો બાબતે સિન્ડિકેટની તા.૨૬-૦૮-૨૦૧૪ સભાની બાબત ક્રમાંક:૬૫ અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે. જે આપને વિદિત થાય.

::આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતી વિભાગમાં ચાલતા (૧) સર્જનાત્મક લેખન (૨) પ્રુફ રિડીંગના સર્ટિફીકેટ અભ્યાસક્રમોની ફી શિક્ષકો તથા વિદ્યાર્થીઓ માટે રૂા. ૩૫૦૦/- સમાન ધોરણે શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫થી રાખવી.

કુલસચિવ

નકલ સવિનય રવાના :
પ્રતિ,
ઇ.ચા.હિસાબી અધિકારીશ્રી,
હિસાબી વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## પરિપત્ર

યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ તેમજ યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન પ્રથમ વર્ષ અનુસ્નાતક ડીગ્રી/ડીપ્લોમાં ગ્રાન્ટ–ઈન–એઈડ અભ્યાસમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સેમેસ્ટર–૧ની ફી સ્વીકારવા સંદર્ભમાં નીચે મુજબની વિવિધ અભ્યાસક્રમોની ફી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯થી નિયમાનુસાર સ્વીકારવા આથી જાણ કરવામાં આવે છે.

(૧) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં પ્રથમ વર્ષ અનુસ્નાતક અભ્યાસના સેમેસ્ટર–૧માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ફી

| ક્રમ | ફીની વિગત | | યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગ અને યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ ફી | વિનયન, વાણિજ્ય વિદ્યાશાખા | રૂા.૧,૪૦૦/– |
| | | ગ્રામ અભ્યાસ/શિક્ષણ વિદ્યાશાખા/કાનૂન વિદ્યાશાખા | રૂા.૧,૦૦૦/– |
| | | વિજ્ઞાન વિદ્યાશાખા | રૂા.૨,૫૦૦/– |
| ૨ | હાયર ફી | એમ.એ./એમ.કોમ./એલએલ.એમ. | રૂા.૪,૦૦૦/– |
| | | એમ.આર.એસ. | રૂા.૬,૦૦૦/– |
| | | એમ.એસસી. (કેમેસ્ટ્રી / બોટની / મેથેમેટિક્સ / ઈલેક્ટ્રોનિક્સ ) | રૂા.૧૨,૫૦૦/– |
| | | એમ.એસસી. (ફીઝીક્સ /બાયોસાયન્સ) | રૂા.૧૫,૦૦૦/– |
| | | એમ.એસસી. (એકવેટિક બાયોલોજી) | રૂા.૫,૦૦૦/– |
| | | એમ.એસસી. (એપ્લાઈડ સ્ટેટીસ્ટીક્સ) | રૂા.૧૨,૦૦૦/– |
| ૩ | રજીસ્ટ્રેશન ફી (One Time) | | રૂા.૧૦૦/– |
| ૪ | યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ ફી | | રૂા.૫૦/– |
| ૫ | યુનિવર્સિટી સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ એકટીવીટીઝ ફી | | રૂા.૨૦/– |
| ૬ | યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ ડેવલપમેન્ટ ફી | | રૂા.૨૦/– |
| ૭ | લેબોરેટરી ફી | એમ.એસસી./એમ.આર.એસ. | રૂા.૨,૫૦૦/– |
| | | એમ.એ.–હોમ સાયન્સ | રૂા.૫૦૦/– |
| ૮ | એડમિશન ફી (One Time) | | રૂા.૧૦૦/– |
| ૯ | આઈ.કાર્ડ ફી (One Time) | | રૂા.૫૦/– |
| ૧૦ | લાયબ્રેરી ડીપોઝીટ (One Time) | | રૂા.૨૦૦/– |
| ૧૧ | કોલેજ ડીપોઝીટ (One Time) | | રૂા.૧૦૦/– |
| ૧૨ | સ્ટુડન્ટ એન્ડ ટીચર વેલ્ફેર ફી | | રૂા.૩૦૦/– |
| ૧૩ | બુકસ, ઈકવીપમેન્ટ ફી | | રૂા.૩૦૦/– |
| ૧૪ | સ્ટુડન્ટ યુનિયન ફી | | રૂા.૧૦૦/– |
| ૧૫ | એમેનીટીઝ ફી | | રૂા.૩૫૦/– |
| ૧૬ | ઈન્ટરનલ એકઝામીનેશન ફી | | રૂા.૧૨૫/– |
| ૧૭ | કેમ્પસ ડેવલપમેન્ટ ફી | | રૂા.૧૦૦/– |

**નોંધઃ– ક્રમાંકઃ(૧) થી (૬) હેડ હેઠળ પ્રવેશ સંબંધીત સ્વીકારેલી ફી યુનિવર્સિટીમાં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની યાદી સાથે જમા કરાવવાની રહેશે.**

(૨) શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ની ભાગ–૧ પ્રથમ સેમેસ્ટરની પ્રવેશ કાર્યવાહી અંતર્ગત તા.૦૪/૦૮/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં ચાલતા અનુસ્નાતક વિષયોની રેગ્યુલર બેઠકો પર પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટી હિસાબી વિભાગમાં તથા હાયર પેમેન્ટ બેઠકની ફી યુનિવર્સિટી હિસાબી વિભાગ / જે તે અનુસ્નાતક વિભાગમાં જમા કરાવવાની રહેશે.

(૨)

(૪) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્ર / સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જમા લઈ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની ક્રમાંક (૧) માં દર્શાવ્યા મુજબની ફી નીચેના પત્રકમાં **તા.૧૦–૮–૨૦૧૮ સુધીમાં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની યાદી સાથે અચૂક જ જમા કરાવવાની આથી જાણ કરવામાં આવે છે.**

(અ) યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓની ક્રમાંક: (૧) મુજબની ફી પૈકી **(શિક્ષણ લવાજમ, રજીસ્ટ્રેશન ફી, યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ ફી, યુનિવર્સિટી સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ એકટીવીટીઝ ફી તથા યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ ડેવલપમેન્ટ ફી અને હાયર પેમેન્ટ બેઠક પર પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની ફી)**

(બ) સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમ ચલાવતી કોલેજો દ્વારા **(રજીસ્ટ્રેશન ફી, યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ ફી, યુનિવર્સિટી સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ એકટીવીટીઝ ફી તથા યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ ડેવલપમેન્ટ ફી)**

**વધુમાં જણાવવાનું કે, સ્વનિર્ભર કોલેજોમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસના ભાગ–૧ના વિદ્યાર્થીઓની એફીલીએશન ફી તા.૩૦/૦૮/૨૦૧૮ સુધીમાં જમા કરાવવાની આથી જાણ કરવામાં આવે છે.**

| ક્રમ | અભ્યાસક્રમ | સેમેસ્ટર | વિદ્યાર્થીનું નામ | રજીસ્ટ્રેશન ફી/ શિક્ષણ ફી / હાયર પેમેન્ટ ફી / અન્ય ફી (રકમ રૂા.) |
|---|---|---|---|---|

ક્રમાંક : પીજી/ અનુસ્નાતક પ્રવેશ ભાગ ૧/૧૩૧૯૯/૨૦૧૮
તા.૨૬/૦૭/૨૦૧૮.

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ અને યુનિવર્સિટીમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમના કો–ઓર્ડીનેટરશ્રીઓ,
(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / અનુસ્નાતક વિષયના પ્રોફેસર ઈનચાર્જશ્રી

***..... ઉપરોક્ત સૂચનાઓનો અચૂક અમલ કરવા અને તે મુજબ ઘટતી કાર્યવાહી કરવા વિનંતી સહ...***

નકલ સવિનય રવાના પ્રતિ,
(૩) ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત,
(૪) નિયામકશ્રી, શારિરીક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

*..... જાણ સારું...*

Re-Accredited by NAAC with 'A' Grade

**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**

University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.

**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.

Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## પરિપત્ર

**વિષયઃ– અનુસ્નાતક ભાગ–૧ અને ૨ના (બીજા/ચોથા સેમેસ્ટરની) વિદ્યાર્થીઓની ફી સ્વીકારવા અને યુનિવર્સિટીમાં જમા કરાવવા અંગે...**

યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતા ભાગ–(૧) અને (૨)ના વિદ્યાર્થીઓની બીજા અને ચોથા સેમેસ્ટરની ફી સ્વીકારવા સંદર્ભમાં યુનિવર્સિટી કાર્યાલયના પત્ર ક્રમાંકઃપીજી/ અનુસ્નાતક પ્રવેશ ભાગ ૧– ૨ લવાજમ(સત્ર–૨/૪)/૧૫૫૧૯/૨૦૧૬, તા.૨૧/૧૧/૨૦૧૬ના રોજ પરિપત્રીત થયેલ, પરિપત્રમાં દર્શાવેલ ફી પૈકીના અભ્યાસક્રમની ફીમાં ફેરફાર થયેલ હોય જે અવલોકનમાં લઈ નીચે મુજબની વિવિધ અભ્યાસક્રમોની ફી શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮થી અમલમાં આવેલ હોય જે ફી નિયમાનુસાર સ્વીકારવા આથી જણાવવામાં આવે છે.

(૧) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ/યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અનુસ્નાતક અભ્યાસની ફી

| ક્રમ | ફીની વિગત | યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગ અને યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ અનુસ્નાતક કેન્દ્રોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી |
|---|---|---|
| ૧ | શિક્ષણ ફી ચિંતન, વાણિજ્ય વિદ્યાશાખા | રૂ.૧,૪૦૦/– |
| | ગ્રામ અભ્યાસ/શિક્ષણ વિદ્યાશાખા/કાનૂન વિદ્યાશાખા | રૂ.૧,૦૦૦/– |
| | વિજ્ઞાન વિદ્યાશાખા | રૂ.૨,૫૦૦/– |
| ૨ | હાયર ફી એમ.એ./એમ.કોમ./એલએલ.એમ. | રૂ.૪,૦૦૦/– |
| | એમ.આર.એસ. | રૂ.૬,૦૦૦/– |
| | એમ.એસસી. (કેમેસ્ટ્રી/બોટની/મેથેમેટિક્સ/ઈલેક્ટ્રોનિક્સ ) | રૂ.૧૨,૫૦૦/– |
| | એમ.એસસી. (ફીઝીક્સ/બાયોસાયન્સ) | રૂ.૧૫,૦૦૦/– |
| | એમ.એસસી. (એપ્લાઈડ સ્ટેટીસ્ટીક્સ) | રૂ.૧૨,૦૦૦/– |
| ૩ | લેબોરેટરી ફી એમ.એસસી./એમ.આર.એસ. | રૂ.૨,૫૦૦/– |
| | એમ.એ.–હોમ સાયન્સ | રૂ.૫૦૦/– |
| ૪ | સ્ટુડન્ટ એન્ડ ટીચર વેલ્ફેર ફી | રૂ.૨૭૫/– |
| ૫ | બુક્સ, ઈક્વીપમેન્ટ ફી | રૂ.૩૦૦/– |
| ૬ | સ્ટુડન્ટ યુનિયન ફી | રૂ.૧૦૦/– |
| ૭ | એમેનીટીઝ ફી | રૂ.૩૦૦/– |
| ૮ | ઈન્ટરનલ એક્ઝામીનેશન ફી | રૂ.૧૨૫/– |
| ૯ | કેમ્પસ ડેવલપમેન્ટ ફી | રૂ.૧૦૦/– |
| ૧૦ | યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ ફી | રૂ.૫૦/– |
| ૧૧ | યુનિવર્સિટી સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ એક્ટીવીટીઝ ફી | રૂ.૨૦/– |
| ૧૨ | યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ ડેવલપમેન્ટ ફી | રૂ.૨૦/– |

**નોંધઃ– શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન, જે અભ્યાસક્રમોની ફીમાં ફેરફાર થયેલ છે તે અભ્યાસક્રમોનું સંચાલન કરતા યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગ / સંબંધીત કોલેજોને તેની જાણ ટેલીફોનીક કરેલ હતી. જેની જાણ સારું.**

(૨) અનુસ્નાતક ભાગ–૧ના પ્રથમ સેમેસ્ટરના અંતે બીજા સેમેસ્ટરમાં અને અનુસ્નાતક ભાગ–૨ના ત્રીજા સેમેસ્ટરને અંતે ચોથા સેમેસ્ટરમાં પ્રવેશ કન્ટીન્યુની ઓર્ડીનન્સ–૬૦ અન્વયે નીચે મુજબની જોગવાઈ તેમજ યુનિવર્સિટી દ્વારા વખતો વખતની જોગવાઈ મુજબ વિદ્યાર્થીઓને ભાગ–૧ના બીજા સેમેસ્ટરમાં અને ભાગ–૨ના ચોથા સેમેસ્ટરમાં પ્રવેશપાત્ર ગણી જે તે શૈક્ષણિક વર્ષ દરમ્યાન જે તે સેમેસ્ટરની નીચે મુજબની ફી સ્વીકારવાની રહેશે.

The minimum attendance required for granting a term or a semester of a student shall be 75 % of the total number of days on which classes have run in a given term semester in all the faculties for Post Graduate classes and for Faculty of Technology including Engineering the 75% of attendance shall be counted on the basis of lectures and practical work, drawing projects etc. to be attended by a student. However in case of late admission either on account of revision of examination result (Rule No IX) or being on the waiting list of admission the attendance for the First Term shall be counted from the date on which the late admission given.

A student whose attendance is falling short by 40 % of minimum required attendance in the First Term of the academic year shall be required to attend classes in the second term so that the total attendance of the second term shall be 90 % of the total working days of the second term. However this will not apply to those faculties where semester system is in operation.

(૩) ક્રમાંક: (૨) મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ પૈકી

(A) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી (સ્વનિર્ભર / હાયર પેમેન્ટ પ્રવેશ બેઠક સિવાયના) જે તે યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગની નોંધ સાથે યુનિવર્સિટી હિસાબી વિભાગમાં જમા કરાવવાની રહેશે. (એમ.એ.–ગુજરાતી તથા એમ.એ.–હિન્દી અભ્યાસમાં હાયર પેમેન્ટ પર પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટી હિસાબી વિભાગમાં જમા કરવાની રહેશે.)

(B) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જમા કરાવવાની રહેશે.

(૪) ક્રમાંક: (૨) મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ફી ઓર્ડીનન્સ–૧૨૮ ની જોગવાઈ મુજબ જે તે સત્ર શરૂ થયેથી દિન– (૧૫)માં કામકાજના દિવસો દરમ્યાન યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટી હિસાબી વિભાગમાં અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફી યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં સ્વીકારવાની રહેશે. નિયત સમય બાદ ફી જમા કરાવનારને નિયમાનુસાર પ્રતિ દિન રૂા.૨૦/–ના દંડ સહીત સત્ર શરૂ થયેથી વધુમાં વધુ ૩૦ દિવસ સુધીમાંજ તમામ ફી સ્વીકારવાની રહેશે. ૩૦ દિવસ બાદ ફી જમા ન કરાવનાર વિદ્યાર્થીની ફી યુનિવર્સિટીની મંજૂરી મેળવ્યા બાદ જ સ્વીકારવાની રહેશે.

(૫) અનુસ્નાતક ભાગ–૧ અને ૨ માં અભ્યાસ કરતા બીજા અને ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓની ફી જમા કરાવવા બાબતે ક્રમાંક: (૪) મુજબની અંતિમ તારીખની જાણ સત્ર શરૂ થયેથી નોટિસ બોર્ડ પર નોટિસ સ્વરૂપે રજૂ કરીને અને જરૂર જણાય તો વિદ્યાર્થીઓના હિતાર્થે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે.

(૬) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા ભાગ–૧ અને ૨ના વિદ્યાર્થીઓની ફી ક્રમાંક (૪) મુજબ ફી સ્વીકારવાની અંતિમ તારીખ બાદ દિન પાંચ (૫)માં યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગની નોંધ સાથે હિસાબી વિભાગમાં જમા કરાવવાની રહેશે.

(૭) યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓની ક્રમાંક: (૨) મુજબની ફી પૈકી શિક્ષણ લવાજમ, હાયર પેમેન્ટ ફી તેમજ યુનિવર્સિટી કેમ્પસ ડેવલપમેન્ટ ફી, યુનિવર્સિટી સ્પોર્ટસ એન્ડ કલ્ચરલ એક્ટીવીટીઝ ફી તથા યુનિવર્સિટી સ્પોર્ટસ કોમ્પલેક્ષ ડેવલપમેન્ટ ફી નીચે મુજબના નિયત પત્રકમાં યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.

| ક્રમ | <u>અભ્યાસક્રમ</u> | <u>સેમેસ્ટર</u> | <u>વિદ્યાર્થીનું નામ</u> | શિક્ષણ ફી / હાયર પેમેન્ટ ફી / અન્ય ફી (રકમ રૂા.) |
|---|---|---|---|---|
| | | | | |

વિશેષ નોંધ :– **<u>ઉપર મુજબની ફી અને જોગવાઈનો અમલ યુનિવર્સિટી દ્વારા અન્ય આદેશ / પરિપત્ર ન થાય તે શૈક્ષણિક વર્ષ / વર્ષો સુધી અમલ કરવાનો રહેશે. જેની અચૂક જ નોંધ લેવા વિનંતી છે.</u>**

ક્રમાંક : પીજી/ અનુસ્નાતક પ્રવેશ ભાગ ૧–૨ લવાજમ(સત્ર–૨/૪)/૨૨૧૫૦/૨૦૧૭

તા.૧૭/૧૧/૨૦૧૭.

**ઈ.ચા. કુલસચિવ**

પ્રતિ,

(૧) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ અને યુનિવર્સિટીમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમના કન્વિનરશ્રીઓ,

(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / અનુસ્નાતક વિષયના પ્રોફેસર ઈનચાર્જશ્રી

***..... ઉપરોક્ત સૂચનાઓનો અચૂક અમલ કરવા અને તે મુજબ ઘટતી કાર્યવાહી કરવા વિનંતી સહ...***

નકલ સવિનય રવાના પ્રતિ,

(૩) ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત,

(૪) નિયામકશ્રી, શારિરીક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

*..... જાણ સારૂં...*

Re-Accredited by NAAC with 'A' Grade
**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## પરિપત્ર

સંદર્ભ:- (૧) યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્ર ક્રમાંક:પીજી/અનુસ્નાતક પ્રવેશ ભાગ ૧–૨ લવાજમ (સત્ર–૨/૪)/૨૨૧૫૦/૨૦૧૭, તા.૧૭/૧૧/૨૦૧૭
(૨) યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્ર ક્રમાંક:પીજી/સત્ર ફી/૯૩૨૦/૨૦૧૮, તા.૦૫/૦૬/૨૦૧૮

**અનુસ્નાતક ભાગ–૧ અને ૨ના (બીજા/ચોથા સેમેસ્ટરની) વિદ્યાર્થીઓની ફી સ્વીકારવા અને યુનિવર્સિટીમાં જમા કરાવવા અંગે...**

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગ અને સંલગ્ન કોલેજમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં અભ્યાસ કરતા ભાગ–(૧) અને (૨)ના વિદ્યાર્થીઓની શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ના બીજા અને ચોથા સેમેસ્ટરથી સંદર્ભ પરિપત્ર ક્રમાંક:(૧) માં દર્શાવેલ ફી પૈકી "સ્ટુડન્ટ વેલ્ફેર એક્ટીવીટી ફી" તથા "એમેનીટીઝ ફી" માં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ હોય (સંદર્ભ પરિપત્ર ક્રમાંક:(૨) મુજબ) જે મુજબની ફી સાથે અનુસ્નાતક અભ્યાસની બાકી તમામ ફીનો સ્વીકાર કરી સંદર્ભ પત્રમાં દર્શાવેલ નિયત સમય અને પત્રકમાં માહિતી સાથે યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગની નોંધ સાથે હિસાબી વિભાગમાં જમા કરાવવાની આથી જાણ કરવામાં આવે છે.

| ક્રમ | ફી ના હેડ | શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯થી અમલમાં આવેલ ફી |
|---|---|---|
| 1 | Amenities Fees | 350/- |
| 2 | Student Welfare Activity | 300/- |

નોંધ:- ઉપર મુજબના સુધારા મુજબની પરિપત્રમાં દર્શાવેલ અન્ય તમામ લવાજમમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯થી અન્ય ફેરફાર કર્યાની પરિપત્રમાં દર્શાવેલ નિયત સમયમાં જાણ ન કરવામાં આવે તે સમય સુધી અચૂક અમલ કરવાનો રહેશે.

ક્રમાંક : પીજી/ અનુસ્નાતક પ્રવેશ ભાગ ૧–૨ લવાજમ(સત્ર–૨/૪)/૨૧૦૯૫/૨૦૧૮
તા.૦૩/૧૨/ ૨૦૧૮.

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રી અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમના કન્વિનરશ્રીઓ,
(૨) યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / પ્રોફેસર ઇનચાર્જશ્રી,
(૩) યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. / એલએલ.બી. અભ્યાસક્રમનું સંચાલન કરતી કોલેજના આચાર્યશ્રી

*..... ઉપરોક્ત સૂચનાઓનો અચૂક અમલ કરવા અને તે મુજબ ઘટતી કાર્યવાહી કરવા સારું...*

નકલ સવિનય રવાના પ્રતિ,
(૧) ઈ.ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત,
(૨) નિયામકશ્રી, શારિરીક શિક્ષણ અને યુવક કલ્યાણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
..... જાણ સારું...